Presented on : 10/10/2019
Registered on : 10/10/2019
Decided on : 02/12/2025
Duration : 22D,01M,06Y

## FORM-A

| | |
|---|---|
| **IN THE COURT OF 19th ADDITIONAL CHIEF JUDICIAL MAGISTRATE AT, AHMEDABAD CITY**<br>**(Presided Over by N.B.Patel)**<br><br>**CC/90049/2019**<br><br>**Exhibit No.** | |
| **ફરિયાદી:–** | **શ્રી સરકાર** |
| **ફરિયાદપક્ષે:–** | વિદ્વાન એ. પી. પી. શ્રી યાદવ |
| **આરોપી:–** | 1. **સુનંદાબેન વા.ઓ પ્રહલાદભાઈ ભીખાભાઈ દાતણીયા**<br>2. **આનંદ પ્રહલાદભાઈ દાતણીયા**<br>3. **સંજય પ્રહલાદભાઈ દાતણીયા**<br>**રહે બધા.ઘાંચીઓળ હલીમની ખડકી શાહપુર, અમદાવાદ.** |
| **બચાવપક્ષે:–** | વિદ્વાન વકીલશ્રી વી.એ.સોલંકી |

## FORM-B

| | |
|---|---|
| ગુનાની તારીખ | 10/03/2019 |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | 11/03/2019 |
| આખરી અહેવાલ / ફરિયાદ રજૂ થયા તારીખ | 11/03/2019 |
| તહોમતનામું / પ્લી ઘડયા તારીખ | |
| પુરાવો શરૂ કર્યા તારીખ | 13/10/2025 |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | 13/10/2025 |
| ચુકાદાની તારીખ:– | 02/12/2025 |
| આખરી હુકમ:– | આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુક્યા |

## // આરોપીની વિગત //

| આરોપીની અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુનંદાબેન વા.ઓ પ્રહલાદભાઈ ભીખાભાઈ દાતણીયા | - | - | ભારતીય દંડ સંહીતાની કલમ ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ | નિર્દોષ છોડ્યા | - | - |
| ૨ | આનંદ પ્રહલાદભાઈ દાતણીયા | - | - | | | - | - |
| ૩ | સંજય પ્રહલાદભાઈ દાતણીયા | - | - | | | - | - |

## FORM-C

**ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીઓની યાદી**

**અ. ફરિયાદપક્ષ**

| **અનુક્રમ** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૦૧ | નિયતી મનીષભાઈ દાતણીયા | ૬ | ફરિયાદી |

**બ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો**

| **અનુક્રમ** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| - | - | - | - |

**ક. અદાલતના સાક્ષી, જો હોય તો**

| **અનુક્રમ** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| - | - | | - |

**ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજોના આંકની યાદી**

**અ. ફરિયાદપક્ષ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૦૧ | ૦૭ | ફરિયાદની ફરિયાદ |
| ૦૨ | ૦૮ | ક્લોઝીંગ પુરશીસ. |

**બ. બચાવપક્ષ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | – | –– |

**ક. અદાલતના સાક્ષી**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | – | –– |

**ડ. ભૌતિક પદાર્થ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | – | – |

## JUDGMENT
## (Delivered on 02/12/2025 )

## ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમત:–

1. ફરિયાદી, નિયતી મનીષભાઈ દાતણીયા દ્વારા શાહપુર પોલીસ સ્ટેશન ખાતે તેઓની ફરિયાદ હકીકત આરોપી, સુનંદાબેન વા.ઓ પ્રહલાદભાઈ ભીખાભાઈ દાતણીયા વિગેરે વિરૂદ્ધની જાહેર કરતા, શાહપુર પોલીસે આરોપીઓ સામે ગુના રજી. નં.૩૦૬૫/૨૦૧૯ થી ભારતીય દંડ સંહીતાની કલમ ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબની નોંધી લઈ આગળની તપાસ પોસઈશ્રી પી.જે.સોલંકીને સુપ્રત કરવામાં આવેલ હતી.

2. ફરિયાદીની ફરિયાદમાં ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૦.૦૩.૨૦૧૯ ના રોજ ફરિયાદીશ્રીના ઘર આગળ આરોપી નં. ૧ સુનંદાબેન નાઓ ફરિયાદીને અમારા અગાઉ

કરેલ ફરિયાદ પાંછી ખેંચી લો તેમ કહી ગંદી બિભત્સ ગાળો બોલતા હોય ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં. ૨ આનંદ તથા આરોપી નં. ૩ સંજયનાઓ એકદમ ગુસ્સે થઈ તને આ મકાનમાં રહેવા નહી દઈએ તું અને તારા પતિ મકાન ખાલી કરીને જતા રહો નહિત્તર તમારા હાથ પગ તોડી નાખીશુ અને જાનથી મારી નાખીશુ તેવી ફરિયાદીને ધમકી આપેલ હોય અને ફરિયાદી દ્વારા તેઓની ફરિયાદ હકીકત પોલીસ રૂબરૂ જાહેર કરતા પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરેલ હતી. જે ગુનાની આગળની તપાસ પોસઈશ્રી ને સોંપવામાં આવેલ હતી.

**<u>પોલીસ તપાસઃ–</u>**

**3.** તપાસ કરનાર અમલદાર દ્વારા ગુનાની તપાસ સંભાળી લઈ લાગતા વળતા સાક્ષીઓના તેઓના લખાવ્યા મુજબના નિવેદનો લખી લીધેલ. વધુમાં તપાસ દરમ્યાન પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ. જે બાદ તપાસ દરમ્યાન આરોપી સામે પુરતા પુરાવા હોય તેઓને અટક કરવામાં આવેલ તે સમયે આરોપીએ ગુનામાં ઉપયોગમાં લીધેલ મુદ્દામાલ રજૂ કરતા પંચોની રૂબરૂ પંચનામાની વિગેત કબજે કરવામાં આવેલ અને તે બાદ આરોપીને મુદ્દત અંદર જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ. જે બાદ તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબના ગુના સબબ ચાર્જશીટ કરવા માટે પુરતો પુરાવો હોય તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસના અંતે તપાસના કાગળો સહીત ક્રિમીનલ પ્રોસીઝર કોડની (જેને હવે પછી આ ચુકાદામાં "**ક્રિ. પ્રો. કોડ**" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) કલમ– ૧૭૩(૨) મુજબનો રીપોર્ટ અત્રેની કોર્ટમાં રજૂ કરેલ હતો.

**<u>કોર્ટ કાર્યવાહીઃ–</u>**

**4.** આરોપીઓ વિરૂદ્ધ રજુ થયેલ ચાર્જશીટ આધારે મારા પુરોગામી વિદ્વાન એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ દ્વારા ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીઓ વિરૂદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવેલ. જે હુકમ આધારે આરોપીઓને સમન્સ ઈસ્યુ કરતા તે આરોપીને

ધોરણસર રીતે બજવણી થતા તેઓના વકીલશ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ. જે સમયે આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સ અને તે સાથેના સાધનિક કાગળો પુરા પાડ્યાની ખાત્રી કરવામાં આવેલ હતી. જે બાદ આરોપીઓ સામેના ગુનાના આક્ષેપો લગત તેઓને સુનાવણીની તક પુરી પાડ્યા બાદ તેઓ સામે ચાર્જ ફ્રેમ થવાપાત્ર પુરતો પુરાવો હોય તેઓ વિરૂદ્ધ લેખિત તહોમતનામું ફરમાવવામાં આવેલ. જે તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓ દ્વારા તેઓ સામેના આક્ષેપોનો ઈનકાર કરવામાં આવેલ અને તેઓ દ્વારા ઈનસાફી કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવેલ હતી. જે બાદ હાલનું કામ ફરિયાદપક્ષના પુરાવા માટે મુલતવી રાખવામાં આવેલ હતુ. ફરિયાદપક્ષ દ્વારા આરોપીઓ સામે રજૂ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવા આ સાથે પરિશિષ્ટથી દર્શાવેલ છે. જયારે આરોપીઓ દ્વારા તેઓના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

## <u>આરોપીનો બચાવ તથા વિશેષ નિવેદનઃ–</u>

5. ફરિયાદપક્ષ દ્વારા હાલના કામ તેઓનો પુરાવો પૂર્ણ કર્યાનું જાહેરાત કર્યા બાદ હાલનું કામ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા માટે મુલતવી રાખવામાં આવેલ પરંતુ આરોપીઓ વિરૂદ્ધ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરતો પુરાવો ન હોય નોંધવામાં આવેલ નથી. જે બાદ હાલનું કામ પક્ષકારોની દલીલો માટે મુલતવી રાખવામાં આવેલ છે.

## <u>આરોપી વિરૂદ્ધનું તહોમત / મુદ્દાઃ–</u>

6. ફરિયાદપક્ષ દ્વારા રજુ થયેલ પુરાવો તેમજ પક્ષકાર તર્ફે કરેલ દલીલો આધારે આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થાય છે.

**// મુદ્દાઓ //**

**6.1.** શું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, તા.૧૦.૦૩.૨૦૧૯ ના રોજ ફરિયાદીશ્રીના ઘર આગળ આરોપી નં. ૧ સુનંદાબેન નાઓ ફરિયાદીને અમારા અગાઉ કરેલ ફરિયાદ પાંછી ખેંચી લો તેમ કહી ગંદી બિભત્સ ગાળો બોલતા હોય ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં. ૨ આનંદ તથા આરોપી નં. ૩ સંજયનાઓ એકદમ ગુસ્સે થઈ તને આ મકાનમાં રહેવા નહી દઈએ તું અને તારા પતિ મકાન ખાલી કરીને જતા રહો નહિત્તર તમારા હાથ પગ તોડી નાખીશુ અને જાનથી મારી નાખીશુ તેવી ફરિયાદીને ધમકી આપી ભારતીય દંડ સંહીતાની કલમ ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબ નો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

**6.2.** શું હુકમ?

**7.** ઉકત મુદ્દાઓના ન્યાયી નિર્ણયના જવાબ નીચે મુજબ થાય છે.

**7.1.** નકરામાં

**7.2.** આખરી હુકમ મુજબ

## <u>પક્ષકારો તર્ફે દલીલોઃ–</u>

**8.** હાલના કામે ફરિયાદપક્ષે વિ.એપીપીશ્રી તથા આરોપી તર્ફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. તેઓ દ્વારા રેકર્ડ પર રજૂ થયેલ પુરાવા તરફ અત્રેની અદાલતનું ધ્યાન દોરી યોગ્ય હુકમ કરવા દલીલ કરવામાં આવેલ છે.

## <u>ન્યાય નિર્ણયઃ–</u>

**9.** ઉકત મુદ્દાઓની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે આંક ૬ થી ફરિયાદી નિયતી મનીષભાઈ દાતણીયાને સોંગદ પર તપાસવામાં આવેલ છે. જેઓનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો આંક ૭ વાળી ફરિયાદ તેઓએ આરોપીઓ વિરૂદ્ધ આપેલ હોવાનું જણાવી આરોપીઓને ઓળખી બાતેવ છે. જયારે બનાવ અંગે જણાવે છે કે, આરોપીઓ સાથે અવરજવર બાબતે બોલાચાલી થયેલ હતી. બોલાચાલી ઉગ્ર થયેલ હોય ફરિયાદ આપેલ હોવાનું જણાવે છે. જયારે આ સાક્ષી તેઓની ઉલટ તપાસમાં બનાવ સમયે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ તેમજ આરોપીઓએ અમોને કોઈ ગંદી બિભત્સ ગાળો બોલેલ હોય કે હાથ પગ તોડી જાનથી મારી નાખવાની ધમકી

આપેલ હોય તેવું બનેલ નથી. જેથી ફરિયાદીના પુરાવા દ્વારા ફરિયાદપક્ષના કેસની હકીકતો પુરવાર થઈ શકે તેવો કોઈ સચોટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

**10.** હાલના કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરિયાદી તથા ઈજાપામનાર સાક્ષીને થયેલ ઈજા આરોપીના કોઈ સ્વેચ્છાપુર્વકના કૃત્યને કારણે થયેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન મળતુ નથી. વધુમાં ફરિયાદપક્ષે આરોપીઓ સામે બિભત્સ ગાળો આપેલ તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાના આક્ષેપ મુકવામાં આવેલ છે. આરોપીઓ ઉપર મુકવામાં આવેલ આક્ષેપોની હકીકતો પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા બનાવ સમયે આરોપીઓ દ્વારા તેઓને આપવામાં આવેલ ગુનાહિત ધમકીના કારણે ફરિયાદી તેમજ ભોગબનનાર તાત્કાલિક મૃત્યુની બીક હેઠળ આવી ગયેલ હોવાની હકીકત પુરવાર કરવી જરૂરી છે. ફરિયાદપક્ષ તેવી હકીકતો પુરવાર કરે તો આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપ પુરવાર થાય તેમ કહી શકાય. વધુમાં ફરિયાદી તથા સાક્ષીઓ દ્વારા બનાવ સમયે આરોપીઓ દ્વારા આપવામાં આવેલ ગુનાહિત ધમકીને કારણે મૃત્યુની બીક લાગેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ન આવે તેમજ ઉચ્ચારેલ ચોક્કસ શબ્દો રેકર્ડ પર ન આવે તો આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં તેવુ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **PRAVINBHAI BECHARBHAI VANKAR Varsus STATE OF GUJARAT, 2007(1) GLH 337** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. સદરહું પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લઈ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે આરોપીઓ દ્વારા બનાવ સમયે આપવામાં આવેલ ગુનાહિત ધમકીના કારણે તેઓને કોઈ ભય ઉત્પન્ન થયેલ હોય અને તેવા ભયના કારણે તેઓના મોભાને કે તેઓની મિલકતને કે તેઓને જેમાં રસ છે તેઓને કે તેઓની કોઇ મિલકતને કે તેઓના કોઈ મોભાને નુકશાન કરવાના ઈરાદે કોઈ શબ્દો ઉચ્ચાર હોય તેવી કોઇ જ હકીકત ફરિયાદપક્ષના પુરાવા ઉપરથી ફલિત થતી નથી. વધુમાં આરોપીઓ દ્વારા આપેલ ધમકી બાદ પણ ફરિયાદી તથા સાક્ષી નિયમીત રીતે તેઓનું

રોજિંદુ કાર્ય  કરતા હોવાનું જણાઈ આવે છે. જેથી આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપો અંગે કાયદા કે પરિસ્થિતિ તેમજ ફરિયાદપક્ષે રજૂ કરેલ પુરવાની હકીકતો ધ્યાને લેતા ફરિયાદપક્ષ દ્વારા આરોપીઓ સામે મૂકેલા આક્ષેપોની હકીકતો વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. જેથી ફરિયાદપક્ષ આરોપીઓ સામેના આક્ષેપો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

1. આરોપીઓને ક્રિ. પ્રો. કોડ ની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪  મુજબના ગુનામાં  થી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

2. આરોપીના અગાઉના જામીન ખત રદ કરવામાં આવે છે. આરોપીએ નામદાર અપીલ અદાલતો સમક્ષ હાજર રહેવા સબબ ક્રિ. પ્રો. કોડની કલમ - ૪૩૭(એ) અન્વયે રૂ.૧૫,૦૦૦/- ના સદ્ધર જામીન રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨જી,માહે.ડિસેમ્બર,૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૦૨/૧૨/૨૦૨૫

**નીરવકુમાર બિહારીભાઈ પટેલ**
૧૯માં એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ સીટી, કોડ નં.જીજે ૦૧૧૨૬